R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD. YEAR - 18 •ISSUE: 12 DATE: 22-03-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

## ઓસ્ટ્રેલીયન મિશનરી જોન શોર્ટને નોર્થ કોરીયાએ જેલમુક્ત કર્યા



૭૫ વર્ષીય ઓસ્ટ્રેલીયન મિશનરી જોન શોર્ટને નોર્થ કોરીયાની સરકારે ગત માસમાં ખ્રિસ્તી કાર્ય કરવા માટે ધરપકડ કરીને જેલમાં પુરી દીધા હતા.તેઓને નોર્થ કોરીયાની સરકારે છોડી મુકતા તેઓ બેઇજીંગ પહોચ્યા હતા.અમેરિકન ક્રિશ્ચિયન મિશનરી કીનીથ બેઇ હજુ પણ નોર્થ કોરીયાની લેબર કેમ્પની જેલમાં માંદા હોવા છતાં ત્યાં પુરી રખાયા છે.શોર્ટને બેઇજીંગના એરપોર્ટ પર ઓસ્ટ્રેલીયન એમ્બસીના ઓફીશ્યલ દ્વારા આવકારાયા હતા તેવું ઓસ્ટ્રેલીયન બ્રોડકાસ્ટીંગ કોરપો.ના રીપોર્ટમાં જણાવાયું હતું.

સરકારને સ્વીડીશ એમ્બસી, પ્યોનગયંગ દ્વારા નક્કી જાણ્યું હતું કે મી.શોર્ટને મુક્ત કરવામાં આવ્યા છે.અને નોર્થ કોરીયમાંથી તેમને રવાના કરાયા છે.ઓસ્ટ્રેલીયન ફોરેન એફેર્સ અને ટ્રેડ દ્વારા આ બાબત જણાવાઇ હતી.ખરેખર મી.શોર્ટ માટે આ આનંદના સમાચાર છે.તેમની ફેમીલી અને મિત્રો માટે પણ તેટલા જ આનંદ દાયક છે.ઓસ્ટ્રેલીયન રાજદુત મી.શોર્ટને તમામ સુવિધાઓ મળે માટે તૈયાર રખાયા છે.જ્યાં સુધી તેઓ તેમના ઘેર હોંગકોગ પહોચે નહી ત્યાં સુધી.હોંગકોગ બેઝ મિશનરીએ નોર્થ કોરીયાના કાયદાના ભંગ માટે માફી માંગી હતી.તેવું નોર્થ કોરીયા ન્યુઝ એજન્સીએ જણાવ્યુ હતું.તેમજ તેઓની ઉંમર અને માફીને લઇને તેમને મુક્ત કરવામાં આવ્યા હતા.

તેઓ કોરીયન ભાષામાં છપાયેલ ખ્રિસ્તી સાહિત્ય સાથે લઇને મુસાફરી કરી રહ્યા હતા.તેઓની સાથે ચાઇનીઝ ખ્રિસ્તી પણ હતા.વેંગ ચોગ.તેઓએ બુંધ્ધિષ્ઠ મઠની પણ મુલાકાત લીધી હતી.અને ત્યાં તેઓએ કોરીયન ભાષામાં છપાયેલ ખ્રિસ્તી સાહિત્ય મુક્યુ હતું.તેઓ એક ટુર પ્રવાસમાં હતા.આ ઓસ્ટ્રેલીયન મિશનરીની ખ્રિસ્તી સાહિત્ય વહેચવા માટે ધરપકડ કરવામાં આવી હતી અને ૧૩ દિવસ સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા.તેઓ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા માંગતા હતા.તેઓની દિવસના ચાર કલાક ઉલટ તપાસ કરવામાં આવતી હતી અને ૨૪ કલાક ગાર્ડનો પહેરો રખાતો હતો.પરંતુ તેઓએ કાયદાની અજાણતા જાહેર કરીને માંફી માંગી હતી.તેઓની ખુબજ લાંબી તપાસ કરવામાં આવી હતી.સવારમાં બે કલાક અને બપોરે બે કલાક કડક ઉલટ તપાસ ચાલતી હતી.જે મને ખુબજ દુઃખદાયક લાગતુ હતું.મે મારી સ્વતંત્રતા ગુમાવી હતી.મને આ બધાથી શારીરીક પીડા પણ થતી હતી.મે તેમને જણાવ્યુ હતું કે હું કોઇ જાસુસ નથી.કે હુ સાઉથ કોરીયા માટે કામ કરતો એજન્ટ પણ નથી.મને જણાવાયું હતું કે ધાર્મિક સાહિત્ય વહેચવા બદલ ૧૫ વર્ષની સજા થશે.મે તેમને કહ્યું કે મારી જાણકારી હોવા છતાં મે આ ગુનો કર્યો છે.હું માનું છું કે ઇશ્વરે મને આ બાબતે કાર્ય કરવાનો આદેશ આપ્યો હતો.હું જે પણ દેશમાં જઉ છું ત્યાં હું આ મારુ સુવાર્તા પ્રગટ કરવાનું કાર્ય કરુ છું.કોરીયન સેન્ટ્રલ ન્યુઝ એજન્સીએ જણાવ્યું હતું નોર્થ કોરીયાએ તેમની ઉંમરને કારણે તેમને મુક્ત કરવાનું નક્કી કર્યું હતું.

અનુ પાન નં. ૩ ઉપર

## મુસ્લીમ નેતાગીરી આવનારી લોકસભાની ચુંટણીમાં તેમના મતદારોને જાગૃત કરશે



મુસ્લીમ ધર્મના ધર્મગુરુઓ તેમના સમાજને જાગૃત કરશે અને તેમના સમાજને અત્યાર સુધીમાં તમામ રાજકીય પક્ષોએ દુરપયોગ કર્યો છે તેનો પ્રતિકાર કરશે.તેમણે આ માટે એક કમિટિ બનાવી છે. અને તેઓ મુસ્લીમ મતદારોને કયો રાજકીય પક્ષ મત આપવા માટે નક્કી કરવો જોઇએ,કે જે તેમના સમાજના ઉત્કર્ષમાં મદદ કરશે તેને મતદાન આપવા માટે સલાહ આપશે.મુસ્લીમોનો આજદીન સુધી ચુંટણીઓમાં દુરપયોગ કરાયો છે અને તેમને માત્ર એક વોટબેંક તરીકેજ ઉપયોગમાં લેવાયા છે.કોઇપણ રાજકીય પક્ષે આજદિન સુધી તેમને આપેલા વચનો પાળ્યા નથી.તેવું અહેમદ બુખારીએ,જે જામા મસ્જીદ,દિલ્હીના મુખ્ય ઇમામ છે તેમણે આ જણાવ્યું હતું.દિલ્હી ખાતે મુસ્લીમ નેતાઓની મળેલ મીટીંગમાં તેમના વિચારો તેમણે જણાવ્યા હતા.આ મીટીંગ ૨૫૦ જેટલા ધાર્મિક અને સામાજીક નેતાઓ હાજર રહ્યા હતા.બુખારીએ જણાવ્યું હતું કે આ નેતાઓએ નક્કી કર્યું હતું કે ૧૧ સભ્યોની એક કમિટી માર્ચ મહિનાના અંત સુધીમાં બનાવવામાં આવે,અને તે કમિટિ દેશના રાજકીય પક્ષોના જુના રેકોર્ડને આધારિત તેમને ગ્રેડ આપશે.કમિટિ કોમ્યુનીટીના સભ્યોના વિચારોને પણ મહત્વ આપશે.અને ત્યારબાદ તેઓ તેમનો અંતિમ નિર્ણય જણાવશે કે આવનારી લોકસભાની ચુંટણીમાં કોની તરફેણમાં મતદાન કરવું. અમને કમિટિ જે સુચન કરશે તેના પ્રમાણે તેનો અમલ કરવામાં આવશે.બધાજ રાજકીય પક્ષો આમતો નુકશાન કારક છે પરંતુ અમારે તેમાંથી ઓછા નુકશાનકર્તા હોય તેવા પક્ષને પસંદ કરવો પડશે.હવે કોઇ સમય એવો બચ્યો નથી કે વધુ આ બાબતમાં કંઇ કહી શકાય એમ તેમણે જણાવ્યું હતું.

મીટીંગમાં કેટલાક વક્તાઓએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે કોગ્રેસ જેવી સેકયુલર પાર્ટી પણ ભારતીય મુસ્લીમોના અધિકારોનું રક્ષણ કરવામાં પાછી પડી છે.અહીયા એકઠા મળેલ સભ્યોએ કોમવાદી પરિબળો દ્વારા મુસ્લીમોની કરાયેલ હિંસા પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી.તાજેતરમાં મુઝફરપુર ,યુ.પી. ખાતે થયેલ હુલ્લડ અને ૨૦૦૨ માં ગોધરા,ગુજરાત ખાતે બનેલ ઘટનાઓ અંગે આક્રોશ વ્યક્ત કર્યો હતો.૬૦ જેટલા લોકોના મોત નિપજ્યા હતા અને પચાસ હજારથી વધુ લોકો વિસ્થાપિત બન્યા હતા.આ ગત ઓગષ્ટમાં મુઝફરપુર ખાતે બનેલી ઘટના છે.

ગુજરાતમાં થયેલ હિંસા,કેટલાય દિવસો સુધી ચાલી હતી.જેમાં ૭૯૦ મુસ્લીમોના અને ૨૫૪ હિંદુઓના મોત નિપજયા હતા.આ ઘટના ૨૦૦૨ ફેબ્રુઆરીમાં બની હતી.મુફતી મોહમંદ અશરફ, પ્રેસીડેન્ટ, મુસ્લીમ પર્સનલ લો બોર્ડ,મોરાદાબાદ, યુપીએ જણાવ્યું હતું કે મુસ્લીમ પોલીટીશ્યનો રાજકીય પક્ષોના ગુલામ બની ગયા છે.અને તેઓ તેમના વિસ્તારનું યોગ્ય પ્રતિનિધિત્વ કરતા નથી.તેઓ તેમના સમાજ વિશે કશું જ વિચારતા નથી.તેથી હવે તે આપણી પર નિર્ભર રહે છે અને આપણે આ પરિસ્થિતિમાં બદલાવ લાવવાનો છે.જેથી પોલીટીશ્યનો આપણો દુરપયોગ ના કરી શકે અને આપણને ખોટા વચનો દ્વારા ફસાવી ના શકે.

ભારતના કેટલાક ભાગોમાં, મુસ્લીમ મતદારો પ્રભાવિત કરી શકે તેમ છે.તેઓ લોકસભા અને વિધાનસભાની ચુંટણીમો અસરકારક ફાળો આપી શકે તેમ છે.૨૦૧૧ની વસ્તી ગણત્રી મુજબ મુસ્લીમો ભારતની બીજી સૌથી વધુ વસ્તી ધરાવતી કોમ હિંદુઓ પછીની છે.૧૩.૪ ટકા ભારતની કુલ વસ્તી ૧.૨ બીલીયન વસ્તીના પ્રમાણમાં છે.જમ્મુ કાશ્મીરમાં મુસ્લીમો બહુમતીમાં છે.અને આસામ,વેસ્ટ બેંગાલ, અને કેરાલમાં તેના ક્વાટર જેટલી વસ્તી ધરાવે છે.દેશમાં મુસ્લીમો એક થઇને મતદાન કરે તો ઘણી બધી સીટો પર તેઓ અસરકારક બની શકે તેમ છે.અને ધારે તેને ચુંટાઇ શકે તેવી સ્થિતિમાં છે.સંગઠિત બનેલા કોઇ પણ કાર્ય કરી શકે છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કાશીની સીટ પર થયેલા વિવાદ અને જીદ બાદ મુરલી મનોહર જોષીને સિફતતાથી ખસેડીને તેમને અન્ય સ્થળ પર ટીકીટ આપી દેવાઇ.ભાજપે હિદુત્વનું કાર્ડ રમીને વડાપ્રધાનપદના ઉમેદવારને જીતાડવા માટે નરેન્દ્ર મોદીને કાશીની સીટ ઉપરથી ઉમેદવાર તરીકે ધોષિત કર્યા.સલામત સીટ શોધવા માટે ભાજપના એક સીનીયર નેતાને તેમની હદમાંથી બહાર મુકી દેવાયા.તેમણે પોતાની રીતે અનેક પ્રયત્નો કરી જોયા પરંતુ સંધ પર હાવી થયેલ ટોળકીએ કારી ફાવવા ના દીધી.એજ રીતે પક્ષ પ્રમુખને પણ સલામત સીટ જોઇતી હતી તે કાશીની સીટની સાથે તેમણે અંકે કરી લીધી. ઉત્તર પ્રદેશ,બિહાર,મધ્ય પ્રદેશ,છત્તીસગઢ અને ઉત્તરાખંડ વિગેરેમાંથી ભાજપ વધુ સીટો ખેચી લેવા માગે છે જેથી તેમનો ઉમેદવાર વડાપ્રધાન પદની રેસમાં આગળ જઇ શકે. પરંતુ કાશીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર સામે આમ આદમી સામે પડી છે.તેમને અન્ય અનેક સબળ વિરોધ પક્ષોનો સામનો કરવાનો છે. વિરોધપક્ષો તેમને ફાવવા નહી દે તેમ અત્યારના સંજોગોમાંથી દેખાઇ આવે છે. ગુજરાતમાંથી બીજી સીટમાં પણ તેમને જીતાડવા માટે પ્રયત્ન કરાશે.

અનુ. પાન નં. ૪ નું ચાલુ

નથી.માત્ર એટલું જાણવા મળ્યું કે ડીબી રીયલ્ટી દ્વારા ડીએમકેને રુ.૨૦૦ કરોડની લોનનો ચેક આપવામાં આવ્યો હતો. જે રકમ વ્યાજ સાથે પાછી આપવામાં આવી હતી. વિચાર કરો કે દુનિયાની કઇ વ્યક્તિ ચેક દ્વારા લાંચ આપે ?

કોલબ્લોક કૌભાંડના સંદર્ભમાં વાસ્તવમાં કોઇ મુદ્દો જ નથી. થોડી હકીકત જાણીએ. એક ૭૫ ટકા કોલસો વીજ ઉત્પાદન માટે વપરાય છે.તેથી એ હેતુંથી કોલ અને વીજ યોજનાઓની હરાજી-ફાળવણી સાથે કરવામાં આવી હતી.ઊર્જા અને કોલસાની હરાજી અલગ અલગ કરી ન શકાય કેમકે એક સેકટરમાં બિડ જીતનાર બીજામાં જીતી ન પણ શકે.બીજુ, ૩૦ ટકા કોલબ્લોકની ફાળવણી એનપીટીસી,સેઇલ જેવી જાહેર ક્ષેત્રની કંપનીઓને થઇ હતી. ત્રીજુ ભાજપની સરકારોએ જાતે વડાપ્રધાનને પત્ર લખીને હરાજી નહી પરંતુ નિશ્ચિત પુરવઠો મળે તેની ખાતરી કરવા જણાવ્યું હતું.ચોથુ, કોલસાની ફાળવણી ફરજીયાતપણે વીજ ઉત્પાદન જેવા હેતું માટે થઇ શકશે અને તેને બજારમાં વેચી શકાશે નહી.

ફરીથી વિનોદ રાય દ્વારા ખોટા આંકડા રજુ કરવામાં આવ્યા. અને સીબીઆઇએ તપાસ શરુ કરી. યુપીએ શાસનમં જે સીબીઆઇ છે તે અત્યાર સુધીની સૌથી સ્વતંત્ર સીબીઆઇ છે. તે માત્ર યુપીએના પ્રધાનોની તપાસ કરે છે, ધરપકડ કરે છે અને કેસ ચલાવે છે.શું. એનડીએના શાસનમાં સીબીઆઇએ વિવિધ કૌભાંડોમાં આવું કંઇ કર્યું હતું ? એ સમજવાની જરુર છે. નીતિ વિષયક નિર્ણયોમાં ફેરફાર કરવામાં આવે એ હંમેશા સીબીઆઇ અને અદાલતો આપણને માની લેવા પ્રેરે છે એમ ભ્રષ્ટ્રાચાર જ હોય એવું નથી.ભ્રષ્ટાચારના મુદે આપણે આપણી જાતને ખુપી દઇએ તે પહેલાં એ જરુરી વાત : અમે તમને પીટર સ્કેવઇઝર દ્વારા લિખિત પુર્સ્તક વાંચવા ભલામણ કરીએ છીએ.

લેખક : શંકર શર્મા :

( લેખક : આંતરરાષ્ટ્રીય સિક્યોરીટીઝ કંપની ફર્સ્ટગ્લોબલના વડા છે.)


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સીરીયામાં ઇસ્લામીક કટ્ટરવાદીઓને ટ્રીબુટ ટેક્ષ ચુકવો અને જીવતા રહો



તમારી જીંદગી બચાવો કે તમારો ધર્મ બચાવવો,સીરીયામાં નોર્ધન રેક્કા સીટીમાં વસતા ખ્રિસ્તી ગ્રુપે જણાવ્યું હતું કે તેમને ઇસ્લામીક કટ્ટરવાદીઓ દ્વારા એવું કહેવાયુ છે કે તમારે ટ્રીબુટ ટેક્ષ ભરવો પડશે. તો તમારી જીંદગી અને તમારા ધર્મને તમે બચાવી શકશો.ઉપરોક્ત ફોટામાં સીરીયન ખ્રસ્તી જેઓ ટર્કીમાં અને સીરીયામાં રહે છે તેઓ મોર્ટ સમુઇ સીરીયાક ઓર્થોડોક્સ ચર્ચ, મીડયાત ટાઉન, મેરડીન પ્રોવીન્સ ખાતે આવેલ છે. ત્યાં ચર્ચ મીટીંગમાં ૨, ફેબ્રુઆરી,૨૦૧૪ના રોજ ભાગ લીધો હતો તે દેખાઇ રહ્યા છે.

આ વર્ષની શરુઆતમાં રેક્કાસ ખ્રિસ્તી નેતાઓ અને તેમના પ્રતિનિધિઓ જેઓ ઇસ્લામીક રાજ્ય ઇરાક અને લીવેન્ટમાં છે,તેમણે ઇસ્લામીક બ્રાંચ,અલકાયદા સાથે એક સલામતીનો કરાર કર્યો હતો. જેનેધીમ્મા કહે છે.આ કરાર હેઠળ આવતા ચર્ચના સભ્યોએ તેમની જીંદગીની કિમંત ચુકવવી પડશે,તેવું એક ઇઝરાયેલી ન્યુઝ પેપર,હારેત્ઝે જણાવ્યું હતું.આ સલામતી કરાર ધીમ્મામાં અમીર ખ્રિસ્તીઓએ ૫૦૦ ડોલર વર્ષમાં બે વાર એક વ્યક્તિ દીઠ ચુકવવાના છે.અથવા તો ચાર સોનાના દિનાર ચુકવવાના છે.મધ્યમ વર્ગ અને ગરીબ ખ્રિસ્તીઓએ આનાથી અડધા અને ત્રીજા ભાગે આ દંડ ભરવાનો રહેશે.પરંતુ તેઓએ તેમની આર્થિક સ્થિતિ બાબતે સત્ય માહિતી આપવી પડશે.

ખ્રિસ્તીઓ તેમના તોડી પડાયેલ ચર્ચો ફરીથી બાંધી શકશે નહીં.જેની ઉપર ભુતકાળના હુમલાઓ કરવામાં આવ્યા હતા.તેમજ નવા ભક્તિ સ્થળોનું બાંધકામ પણ કરી શકશે નહીં. તેઓ કોઇપણ પ્રકારના હથિયારો લઇને જઇ શકશે નહીં.આ કાયદાનો મતલબ એવો થાય છે કે ખ્રિસ્તીઓએ આ ઇસ્લામીક કટ્ટરવાદીઓના કાયદાઓ પ્રમાણે વર્તવું પડશે.તેઓ ઇસ્લામીક કટ્ટરવાદીઓના શત્રુઓને મદદ પણ કરી શકશે નહીં.ખ્રિસ્તીઓએ પોતાના ધર્મ બાંધવોને કોઇ પણ જાતના વિરોધ વગર મુસ્લીમ બનતા રોકશે નહીં. જે ખ્રિસ્તી આ કરારમાં મુકેલ શરતોનો ભંગ કરશે તેની જીંદગી અને મિલક્ત પરથી તે હક્ક ગુમાવશે.એટલે કે તેને મારી નંખાશે અને તેની મિલ્કત લુંટી લેવાશે.સીરીયામાં ૨૦૧૧ થી આંતરિક વિગ્રહ ચાલી રહ્યો છે.કેટલાક કટ્ટરવાદી સંગઠનો સત્તા મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.બસર અલ અસદની સરકારને ઉથલાવીને તેઓ સત્તા મેળવવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.આ ચાલી રહેલ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૧ લાખથી વધુ લોકોના મોત નિપજયા છે.અને ૨ લાખથી વધુ લોકો નાસી છુટીને રેફયુજી તરીકે આશરો લઇ રહ્યા છે.આ દેશમાં ખ્રિસ્તીઓની વસ્તી લઘુમતીમાં છે. કુલ ૨૩ મીલીયન વસ્તીના તેઓ ૧૦ ટકા વસ્તી ધરાવે છે.ચાલી રહેલ આંતરિક વિગ્રહમાં ખ્રિસ્તી લઘુમતીઓ વધુ નિશાન બન્યા છે.તેમને સરકાર તરફથી ખુબજ ઓછુ રક્ષણ મળ્યું છે.૨૦૧૩માં અલકાયદાની સાથે જોડાયેલ અલ-નુસરા ગ્રુપે આ શહેરનો કબજો લઇને શરીયા કાયદાને અમલમાં મુક્યો હતો.પરંતુ ત્યારબાદ બીજા ગ્રુપે આ શહેર લોહીયાળ જંગ ખેલીને કબજો મેળવ્યો હતો. આઇએસઆઇએસ ગ્રુપે રેક્કા પર કબજો જમાવ્યાની સાથે પ્રેસિડેન્ટ બસર-અલ-અસાદના ટેકેદારોને વીણી વીણીને પતાવી દીધા હતા.તેમણે આર્મેનીયન કેથોલીક ચર્ચ ,માર્ટયર્સ ઉપર પણ પોતાનો કબજો જમાવી દીધો હતો,અને તેમાં તેમનું હેડક્વાટર્સ બનાવી દીધું હતું.તેમણે આ શહેરનો કબજો લીધા પહેલા આ શહેરની કુલ વસ્તી બે લાખ વીસ હજાર જેટલી હતી જેમાં દસ ટકા લોકો ખ્રિસ્તીઓ હતા.પરિસ્થિતિ નાજુક હોવા છતાં કેટલાક આ શહેરના ખ્રિસ્તીઓએ અસદના વિરોધીઓ સાથે હાથ મિલાવ્યા હતા.તેમના જીવન અસલામત હતા,તેમની સંસ્થાઓ પર હુમલાઓ થયા હતા.તેથી તેમની પાસે કોઇ વિકલ્પ બચ્યા નહોતા. જો કે મોટા ભાગના ખ્રિસ્તીઓ આ દરમિયાન આ શહેર છોડી નાસી છુટ્યા હતા.યુસુફ,એક સીરીયન સામાજીક કાર્યકરે અલ અખબારને આ બાબત જણાવી હતી.તેમણે એ પણ કહ્યું હતું કે આ વિસ્તારના મુસ્લીમોને રંજ હતો કે તેઓ તેમના વિસ્તારના ખ્રિસ્તીઓની મદદ કરી શકયા નહોતા.આ એક ગંભીર પરિસ્થિતિ હતી.અમો અમારા ભાઇઓનું રક્ષણ કરી શક્યા નહોતા કે તેમને મદદ કરી શકયા નહોતા, કે જેઓ વર્ષોથી અમારી સાથે રહેતા હતા.અમો ખુબજ આધાત અનુભવી રહ્યા છીએ,અમે લાચાર છીએ તેમન શરમિદા પણ છીએ.ખ્રિસ્તીઓ અમારા ભવ્ય ઇતિહાસના વર્ષોથી ભાગીદારો છે.તેઓ અમારી મધ્યે રહ્યા અને અમે તેઓના માટે કંઇ પણ કરી શક્યા નહી.માત્ર અમો તેમના માટે રડી શક્યા.અમો માત્ર તેઓની મિલ્કતોને સળગી જતી જોઇ તેના ધુમાડાઓના ગોટાઓ આકાશમાં ચડતા જોયા.

આ બીબીસીએ ૨૦૧૩માં મુકેલી સ્ટોરી છે.તેમાં જણાવાયુ છે કે વિશ્વમાં રેક્કા એક માત્ર એવું શહેર છે જેમા અલ કાયદાનો કબજો અને હકુમત ચાલે છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## આપણી શાળાઓમાં પણ આવી તાલીમ અપાય તો ?

અમેરિકાની બસોમાં અને ટ્રેનોમાં પીક અવર્સ દરમીયાન ખાસી ભીડ હોય છે.પ્રવાસીઓ ઉભા ઉભા મુસાફરી કરતા હોય એવા દશ્યો વારંવાર જોવા મળે છે.ઓફિસો શરૂ થવાનો કે છુટવાનો સમય હોય ત્યારે હું અને મારા પત્ની ટ્રેનમાં કે બસમાં પ્રવેશીએ ત્યારે અચુક એક આનંદપ્રદ અનુભવમાંથી પસાર થવાનું બને.અમને જોઇને પાંચ સાત યુવક-યુવતીઓ પોતાની સીટ પરથી ફટાફટ ઉભા થઇ જાય અને પોતાની જગા પર સ્થાન લેવા અમને ઇશારો કરે. આવો અનુભવ અન્ય ઘણા દેશોમાં અમને થયો છે. ટ્રેન કે બસમાં મુસાફરી કરતી યુવાપેઢી તોફાન કરે,ગાળો બોલે,ગંદા જોક્સ સંભળાવે અને સહપ્રવાસીઓને રંજાડે એવું દશ્ય કદી જોવા મળતું નથી. દર દસે ત્રણ પ્રવાસીઓના હાથમાં વાંચન સામગ્રી હોય છે.અને તેઓ ધ્યાનથી એમાં ડુબેલા જોવા મળે.સ્ટેશન આવે ત્યારે ઉતરનારા પ્રવાસીઓ ઉતરી ગયા બાદ જ બહારના મુસાફરો ક્યુમાં એક પછી એક બસમાં કે ટ્રેનમાં દાખલ થાય. અમેરિકાની બસોમાં કંડકટર હોતા નથી. ડ્રાઇવરની જમણી બાજુએ બોકસ હોય તેમાં નિર્ધારિત ભાડુ ચુકવીને બસમાં બેસી જવાનું.કદી કોઇ ડ્રાઇવરે હાથમાં પૈસા લઇને ખીસામાં મુક્યા હોય એવું બન્યું નથી.અરે ડ્રાઇવર કે મુસાફર એવી ગોઠવણી કરવાની કલ્પના કરવાથી પણ ધ્રુજે. જાહેર માર્ગો પર કે શેરીઓના નાકે ટપોરીઓ જતી આવતી છોકરીઓની કે યુવતીઓની છેડતી કરતા હોય એવું દશ્ય પણ અંહી દુર્લભ. બેંકોમાં, સરકારી કચેરીઓમાં, રેસ્ટોરાંમાં અને શોપીંગ મોલમાં આપણને સ્મિત સાથેની સેવા મળે અને જતી વખતે થેન્ક યું સાંભળવા મળે. આ બધી જ સેવાઓ વિના વિલંબે પ્રાપ્ત થાય છે. રોન્ગ સાઇડ પર વાહન ચલાવતાં પરાક્રમી છોકરા-છોકરીઓ કે સ્ત્રી પુરુષો અંહી કદી જોવા ન મળે.ખોટી જગ્યાએ વાહન પાર્ક કરે એ મર્યો સમજો.અહીં કાર કોણે પાર્ક કરી છે,એવી બુમો પાડતો પાડતો પોલિસ ઓફિસર તમને શોધવા ન નીકળે.સો ડોલર્સની પેનલ્ટીની ટિકીટ તમારી કારના લલાટે ચોંટાડીને એ ચાલ્યો જાય.તમારે કોઇ દલીલ વગર, રકઝક વગર કે ભ્રષ્ટ પ્રધાનની ધમકી આપ્યા વગર વાંકા વળીને દંડ ભરી દેવાનો.ફરજ પરના પોલિસ અધિકારી પર હુમલો કરવાની સજા ખુબ ભયાનક છે.પ્રજાના પૈસે થોડે થોડે દાડે, અમેરિકા,કેનેડા કે ઓસ્ટ્રેલીયા દોડી જતા પ્રધાનો અને સાંસદો ને આ બધી ખબર હશે જ ને ?

બાળકોને અને યુવા પેઢીને સંસ્કાર આપવાનું તથા શિષ્ટાચાર અને સદાચાર શીખવવાનું કામ પરિવારોનું અને શૈક્ષણિક સંસ્થાઓનું છે.અમેરિકામાં આ ફરજ બજાવવામાં કેટલાક પરિવારો ઉણા ઉતરે છે. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓ પુરી નિષ્ઠાથી સજાગપણે આ ફરજ બજાવે છે.મારી પૌત્રી ન્યુજર્સી સ્ટેટની પબ્લીક સ્કુલમાં ચોથા ધોરણમાં ભણે છે. શાળાનું નામ જ એમ.કે.ગાંધી એલિમેન્ટરી સ્કુલ છે. વિદ્યાર્થીઓને જે ઓળખપત્રો અપાયા છે તેના પર સ્કુલનું નામ મહાત્મા ગાંધી સ્કુલ એ રીતે દર્શાવાયું છે. શાળાને નામ આપવામાં દુરંદેશી દાખવીને સ્કુલ બોર્ડે સંસ્કાર અને મુલ્યોનું સિંચન કરવાનો પ્રયત્ન કર્યો છે. શાળાની વાલી સભામાં હાજરી આપવાની મને તક મળી. મે શિક્ષકોને પુછયું, આપની શાળાનું વિઝન અને મિશન શું છે ?

અનુ. પાન નં. ૩ ઉપર

## ટુજી અને કોલસાના બ્લોક ફાળવણી : ખોટા પ્રચારનું કૌભાંડ

## કેગના ખોટા અહેવાલને આધારે સુપ્રીમ કોર્ટે આપેલા આદેશની ચર્ચા શા માટે થતી નથી ?

તમામ ભારતીયોને કૌભાંડની વાતો કરવી સાંભળવી ગમે છે અને તેમને માત્ર એટલું જ કહેવાનો પ્રયાસ કરો કે ટુજી અને કોલબ્લોકની ફાળવણીના કેસમાં વાસ્તવમાં કોઇ કૌભાંડ નહતુ ! આ બધામાં વાસ્તવમાં કોઇ કૌભાંડ નહતું એવુ પુરવાર કરવા ઘણા લેખ લખી શકાય.પણ અહીંયા ટુંકમાં કહી દઉ તો, ટુજી એક સામાન્ય મામલો છે.સરકારે પોતાના માટે આવક વધારવી કે પછી પ્રજાને લાભ થાય એવી સેવાના ભાવ ઘટાડવા ? આ બાબતને વધુ સરળતાથી મુકીએ તો શું તમે જંગી મોબાઇલ બિલ ભરીને હરાજી દ્વારા સરકારનું ખિસ્સુ ભારે કરત ? મારે શું જોઇએ એ હું જાણું છું. મોબાઇલ બિલની રકમ ઓછી કેમકે દરેક જણ ઉંચા મોબાઇલ બિલ ચુકવે અને બીજી તરફ ભારતના કોન્સોલિડેટેડ ફંડમાં વધુ નાણાં મુકવાનો કોઇ અર્થ નથી.

સાદુ ગણિત કંઇક આવું છે. ભારતીય ટેલીકોમ કંપનીઓની કુલ આવક રુ. બે લાખ કરોડની આસપાસ છે. હવે ધારી લો કે ટુજી લાયસંન્સ માટેની હરાજી થાય તો તેમાંથી એક લાખ કરોડથી વધુ ન મળે.તેની ઉપર ઇન્ડ્રસ્ટ્રીઝ ૨૦ ટકા આરઓઆઇનું લક્ષ્યાંક રાખે,જેનાથી વધારાનો રુ ૧૫૦૦૦ કરોડનો નફો થાય.એનો અર્થ એ કે ટેલીકોમની આવક ઓછામાં ઓછી ૧૦-૧૫ ટકા વધે.અને આ વધારાની આવક ઉભી કરવા બિડ અને ઇન્ફાસ્ટ્રકચર પાછળ ખર્ચ બતાવે. આ રકમ ગ્રાહકો દ્વારા દર વર્ષે ચુકવાતી રકમ જેટલી થાય.હકીકતમાં આપણાં બિલમાં ઓછામાં ઓછો ૧૫ ટકાનો વધારો થયો હોત,જ્યારે સરકારને તો એક લાખ કરોડ મળી જાત, તેનો કોઇ અર્થ ખરો ?

અંહી એ વાતની નોધ લેવી જોઇએ કે ભારતમાં ૧૯૯૦ના દાયકાની મધ્યમાં ફિક્સ લાઇન અને મોબાઇલ લાયસંન્સ માટે હરાજી થઇ હતી.આ પરંપરાગત પધ્ધતિને કારણે ટેલિકોમ ઉદ્યોગ લગભગ નાદારીની સ્થિતિમાં આવી ગયો હતો.આ પછી એનડીએ સરકારે લાયસંન્સ ની શરતો સુધારીને રેવન્યુ શેર મોડલ બનાવ્યું.અમારા મતે આ એક યોગ્ય પગલું હતું.(અલબત્ત, કેગ દ્વારા તેની ટીકા થઇ હતી) જો કે પોતાની પરંપરા મુજબ એનડીએ કેગ પ્રત્યે કોઇ ધ્યાન ન આપ્યું. અને રેવન્યુ શેર મોડલ આગળ વધ્યું )ટ્રાઇએ પોતે ભલામણ કરી હતી, હરાજી નહીં કેમકે ટેલીકોમ નિતિનો મુળ આશય પોષાય એવા દરે ટેલીફોન ધારકોની સંખ્યા વધારવી, અને એજ થયું.

આખી પ્રક્રિયા કેગના તત્કાલીન વડા વિનોદ રાયે અયોગ્ય ઠરાવી. રાષ્ટ્રીય નુકશાન અંગેના તેમના હાસ્યાસ્પદ આંકડાને કારણે ઇન્વેસ્ટમેટ બેન્કરોને વેલ્યુએશન કેવી રીતે વધારવી તે શીખવા મળ્યું.આ કેસમાં તેમજ કોલ કૌભાંડમાં કેગની ગણતરી ભુલભરેલી હતી. અથવા શું આપણે એવું કહી શકીએ કે ઇરાદાપુર્વકનું કૌભાંડ હતું ? બી.કોમના પહેલા વર્ષનો વિદ્યાર્થી પણ રાયના આ વિચિત્ર આંકડાનો સ્વીકાર ન કરી શકે. કેગના પક્ષે એ અત્યંત શરમનજક બાબત હતી. એક જ ઉદાહરણ લઇએ :કેગની ગણતરીના ધારણા એવી હતી કે એક લાખ રુપીયાની કિંમત ૨૦૧૩માં કે પછી ૧૦૦ વર્ષ પછી પણ એક સરખી હશે. કદાચ કેગને જાણકારી હતી કે તેમણે કરેલી ગણતરીઓ અંગે બહુ ઓછા લોકો વિગતમાં ઉતરશે.અને જો તેઓ ઊંડા ઉતરે તો એવી બુમો પાડીને તેમને શાંત કરી શકાય કે "કોઇ કૌભાંડ નથી થયું એવું તમે કેવી રીતે કહી શકો "સવાલ એ છે કે જે ઊદ્યોગનો કુલ નફો એ સમયે માંડ રુ ૧૦,૦૦૦ કરોડનો હતો તે રુ. ૧.૭૯ લાખ કરોડની બિડ કરે !

પરંતુ એવું થયું . કેગે દર્શાવેલા નુકશાનના આંકડા મુદ્દો બની ગયા. જેને પગલે સુપ્રીમ કોર્ટે આદેશ જારી કરી દીધો. આશ્ચર્ય એ વાતનું છે કે કલમ ૩૭૭ અંગેના ચુકાદાની જેટલી ટીકા થઇ એટલી આ આદેશની શા માટે ન થઇ ? સર્વોચ્ચ અદાલતનો ટુજી અંગેનો આદેશ એવા ખોટા આધાર પર થયો હતો કે લાયસંન્સ મેળવનારા ટેલીકોમ ઓપરેટર્સ ઊંચા ભાવે તેમના સ્ટેક ઓફ-લોડ કરીને ગંભીર અપરાધ કર્યો છે.અને તેથી કોઇકને તો સજા થવી જોઇએ. આ સમજ સદંતર ખોડી હતી. ઓપરેટરોએ પ્રીમીયમ દ્વારા નવી મુડી ઉભી કરી હતી.તેમના સ્ટેક વેચીને નહીં, કશું ખોટું થયાનું તારણ નીચલી અદાલત દ્વારા કાઢવામાં આવ્યું ન હતું. છતાં તમામ ૧૨૨ લાયસંન્સ રદ કરી દઇને સર્વોચ્ચ અદાલતે હકીકતે મામલો પહેલેથી જ નક્કી કરી દીધો હતો. અને સાતે રોકાણકારોના વિશ્વાસને ભારે આંચકો આપ્યો.(આમ છતાં, ભારતમાં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વિદેશી મુડી રોકાણ આવ્યું છે ) સ્પેક્ટ્રમ એ કુદરતી સ્ત્રોતનો હિસ્સો છે. અને તેની હરાજી થવી જોઇએ એવા સુપ્રીમ કોર્ટના આદેશને રીવ્યુ ઓર્ડર દ્વારા સુપ્રીમ કોર્ટે પોતેજ યોગ્ય રીતે ફગાવી દીધો.

વધુમાં એટલું કહી શકાય કે એ. રાજાએ ખોટો લાભ મેળવવા માટે લાયસંન્સ જારી કરવા માટેની આખરી તારીખમાં ફેરફાર કર્યો હતો.આ લાભ કયા હતા એ કદી પુરવાર થયું

અનુ. પાન નં. ૨ ઉપર


### જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

### આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્રીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

### વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.